
# પુન્ય બાંધવાના નવ પ્રકાર


(૧) અન્નપુન્ને  અન્નનું દાન આપવાથી.
(૨) પણપુન્ને  પાણીનું દાન આપવાથી.
(૩) લયણપુન્ને  પાત્ર-વાસણ આદિનું દાન દેવાથી.
(૪) સયણપુન્ને  શય્યા, વસતિ, મકાન આદિ આપવાથી.
(૫) વત્થ પુન્ને વસ્ત્ર-કાંબળી આદિ આપવાથી.
(૬) મનપુન્ને મનથી સર્વ જીવોનું ભલું ચિંતવવાથી.
(૭) કાયપુન્ને શરીરથી બીજાની સેવા, ચાકરી, વૈયાવચ્ચ કરવાથી અને ગુણીજનોને શાતા ઉપજાવવાથી.
(૮) નમસ્કારપુન્ને મહાઉપકારી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી, વડીલોને વંદન કરવાથી તથા સર્વેની સાથે વિનય કરવાથી.



# જીવ તત્વઃ




- જીવને આત્મા કહે છે. તે ચેતનામય અરૂપી સત્તા છે. ચેતનાની ક્રિયા (ઉપયોગ) એ તેનું લક્ષણ છે. જ્ઞાન, દર્શન, સુખ-દુઃખ આદિ દ્વારા તે વ્યક્ત થાય છે. જીવ ૫૬૩ પ્રકારના છે.



# અજીવ તત્વ:

- જેનામાં ચેતના નથી- આત્મા નથી તે અજીવ છે. જડ છે. સદાને સર્વથા તે નિર્જીવ રહેવાથી અજીવ કહેવાય છે. અજીવ તત્ત્વ ૫૬૦ પ્રકારનાં છે.




# પુણ્ય તત્વઃ

મન, વચન અને કાયાની શુભવૃત્તિ, શુભ વિચાર અને શુભ આચારથી આત્મા જે શુભ કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે

## પુણ્ય કર્મ નવ પ્રકારે બંધાય છે.

૧. ભૂખ્યાને જમાડવાથી, સાધુ-સંતો આદિને ભિક્ષા આપવાથી. તેને અન્નદાન કહે છે,
૨. તરસ્યાને પાણી પાવાથી અર્થાત્ જલદાનથી,
૩. વાસણના દાનથી,
૪. શય્યા-મકાનના દાનથી,
૫. વસ્ત્ર દાનથી,
૬. મનથી સહુ કોઈનું, યોગક્ષેમ વિચારવાથી,
૭. ગુણાનુવાદ કરવાથી,
૮. જ્ઞાની-તપસ્વી-ગુણીજનો આદિની સેવા કરવાથી
૯. સુયોગ્યને સુપાત્રનો વિનય-બહુમાન કરવાથી.

પુણ્ય કર્મ કરનાર ૪૨ પ્રકારનાં સુફળ ભોગવે છે.



# પાપ તત્વઃ




મન,વચન અને કાયાની અશુભ વૃત્તિ, અશુભ વિચાર અને અશુભ આચારથી આત્મા જે અશુભ કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે તેને પાપ તત્વ કહેવાય છે.

**પાપ કર્મ ૧૮ પ્રકારે બંધાય છે.**

૧. જીવહિંસા,
૨. જૂઠ,
૩. ચોરી,
૪. વ્યભિચાર,
૫. સંગ્રહ પર મમત્વ,
૬. ક્રોધ,
૭. માન,
૮. માયા,
૯. લોભ
૧૦.રાગ (આસક્તિ),
૧૧.ઈર્ષ્યા (દ્વેષ),
૧૨.કલેશ-કંકાસ,
૧૩. ખોટું આળ,
૧૪. ચાડી-ચુગલી,
૧૫. નિંદા-કુથલી,
૧૬.હરખ-શોક (રતિ-અરતિ),
૧૭. કપટ-સહિત જૂઠ અને
૧૮. અસત્ય મતની શ્રદ્ધા (મિથ્યાત્વ)


આ અઢાર માંથી કોઈ એક કે વધુનું આચરણ કરવાથી આત્મા પાપ કર્મથી બંધાય છે. ‘પાપ કર્મ’ કરનાર ૮૨ પ્રકારના કુફળ ભોગવે છે.



# આસ્રવ તત્વ:


- જે માર્ગોથી આવીને એ કર્મ પુદ્ગલો આત્માને દોષિત કરે છે તે કર્મ-માર્ગોને આસ્રવ તત્ત્વ કહે છે.

બાલ્દી કે તપેલું વગેરે વાસણ અખંડ અને આખું હોય તો તેમાં નીચેથી કે બાજુએથી પાણી ભરાતું નથી. વહાણમાં છિદ્ર ન હોય તો તેમાં પણ પાણી ભરાતું નથી, પરંતુ છિદ્રવાળું વહાણ હોય તો તેમાં પાણી ભરાઈ જાય છે. તે પ્રમાણે કર્મોને આવવાના છિદ્રોને આસ્રવ કહ્યા છે. અર્થાત્ આસ્રવ એટલે કર્મોને આત્મામાં વહી આવવાના નાળા-ગરનાળા. જીવાત્માને ભવસાગરમાં ડૂબાડી દેતાં આસ્રવનાં ૪૨ પ્રકારના છિદ્રો કે નાળા છે.



# સંવર તત્વઃ


- સંવર એટલે રોકવું.જે માર્ગોથી કે નિમિત્તોથી કર્મો આત્મા ઉપર ખટકાય છે તે માર્ગોને બંધ કરી દેવો કર્મ-નિરોધ કરવો તે સંવર તત્વ છે.



# નિર્જરા તત્વ:

- સંવરના આચરણથી કર્મો તો આવતાં અટકી ગયા, પરંતુ ભૂતકાળના આસ્રવ દ્વારા જમા થયેલાં કર્મોનો પ્રશ્ન ઊભો રહે છે. આ સંચિત કર્મોનો ક્ષય કરવો તેને નિર્જરા તત્ત્વ કહે છે.

નિર્જરા ૧૨ પ્રકારથી થાય છે. આ બાર પ્રકાર એટલે જૈન ધર્મની આચાર સંહિતામાં નિંદિષ્ટ ૧૨ પ્રકારનાં તપ.




# બંધ તત્વ:

- આસ્રવ અને નિર્જરા - આ બે તત્ત્વોની વચ્ચેની સ્થિતિ બંધ છે. આત્માની સાથે સંયુક્ત કર્મયોગ્ય પરમાણુ કર્મરૂપમાં પરિવર્તન થવાની પ્રક્રિયાને બંધ તત્ત્વ કહે છે.

દૂધમાં પાણી, તલમાં તેલ, ફૂલમાં અત્તર રહેલ છે તેમ આત્મા અને કર્મ પુદ્ગલ એકમેકમાં બંધાઈ રહે તેને બંધ તત્ત્વ કહેછે.

આ બંધ તત્વ ચાર પ્રકારનું છે.

૧. સ્પૃષ્ટ,
૨. બદ્ધ,
૩. નિધત્ત,
૪. નિકાચિત



# મોક્ષ તત્વ:



- તમામ પ્રકારના કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો તેને મોક્ષ કહે છે.

સમ્યકદર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્ર અને તપ - આ ચારના ઉત્કટ અને વિશુદ્ધ આચરણથી મોક્ષ મળે છે.

આ નવ તત્ત્વમાંથી જીવ અને અજીવ તત્ત્વો જાણવા યોગ્ય (જ્ઞેય) છે.

પાપ, આસ્રવ અને બંધ ત્યાગ કરવા યોગ્ય (હેય) છે.

અને પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ - આ ચાર તત્ત્વો આચરણીય (ઉપાદેય) છે.

